# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

### ચોથું સત્ર

# મંગળવાર, ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ (પ્રથમ બેઠક)

----

**જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓઃ** [ક્લાઈમેટ ચેન્જ - આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ - ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ - કાયદો - વૈધાનિક અને સંસદીય બાબતો - વન અને પર્યાવરણ - ન્યાયતંત્ર - પ્રવાસન સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ].

**કુલ પ્રશ્નો 58**

----

### કર્મચારીઓને ચૂકવાયેલ સર્વેલન્સ ભથ્થું પરત વસૂલવા બાબત

15/4/2031 *1 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ સુપરવાઈઝર અને મલ્ટી પર્પઝ હેલ્થ સુપરવાઈઝર વર્ગ-૩ને નવેમ્બર-૨૦૨૨ના ઠરાવ/નિર્ણયથી માસિક રૂપિયા ચાર હજાર લેખે સર્વેલન્સ ભથ્થુ ચૂકવવાનો નિર્ણય કરવામાં આવેલ તે હકીકત સાચી છે, કે કેમ,

(૨) જો હા, તો તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત નિર્ણય બાદ ચૂકવવામાં આવેલ રકમ પરત વસૂલવાના કોઈ આદેશ થયેલ છે કે કેમ,

(૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ માસવાર કેટલી રકમ કેટલા કર્મચારીઓ પાસેથી પરત વસૂલવાની થાય છે, અને

(૪) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા કર્મચારીઓ પાસેથી કેટલી રકમ પરત વસૂલવામાં આવી અને કેટલા કર્મચારીઓ પાસેથી કેટલી રકમ પરત વસૂલવાની બાકી છે?

----

### ભાવનગર ખાતે નવી પ્રસુતિ અને બાળ આરોગ્ય હોસ્પિટલોનું બાંધકામ

15/4/1734 *2 **શ્રીમતી સેજલબેન રાજીવકુમાર પંડ્યા (ભાવનગર (પૂર્વ)):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર ખાતે નવી પ્રસુતિ અને બાળ આરોગ્ય હોસ્પિટલોના બાંધકામનું આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે?

----

**મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો ખાતે મલ્ટી/સુપર સ્પેશ્યાલીટી સેવાઓ ઉભી કરવા બાબત**

15/4/1728 *3 **પાયલ મનોજકુમાર કુકરાની (નરોડા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કઈ કઈ મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો ખાતે મલ્ટી/સુપર સ્પેશ્યાલીટી સેવાઓ ઉભી કરવાનું આયોજન છે, અને

(૨) કયા રોગો માટે આ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવનાર છે?

----

**ગીર અભયારણ્યની પ્રવાસીઓ દ્વારા મુલાકાત**

15/4/1720 *4 **શ્રી ઉદય કાનગડ (રાજકોટ પૂર્વ):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગીર અભયારણ્યની કેટલા પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી,

(૨) તે પૈકી ભારતીય પ્રવાસીઓ અને વિદેશી પ્રવાસીઓની સંખ્યા કેટલી છે, અને

(૩) આ પેટે સરકારને કેટલી આવક થઈ છે?

----

**જી.એમ.ઈ.આર.એસ. હેઠળ નવી મેડિકલ કોલેજો**

15/4/1730 *5 **ડૉ. હસમુખ પટેલ (અમરાઈવાડી):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં જી.એમ.ઈ.આર.એસ. હેઠળ કેટલી નવી મેડિકલ કોલેજો મંજૂર થઈ, અને

(૨) તેમાં કુલ કેટલી બેઠકો મંજૂર થઈ?

----

**ઝઘડિયા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ**

15/4/1718 *6 **શ્રી રીતેશકુમાર રમણભાઈ વસાવા (ઝઘડીયા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના ઝઘડીયા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

**જામનગર ડેન્ટલ કોલેજ ખાતે નવી યુ.જી. હોસ્ટેલ**

15/4/1736 *7 **શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા (જામનગર (ઉત્તર)):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જામનગર ડેન્ટલ કોલેજ ખાતે નવી યુ.જી. હોસ્ટેલના બાંધકામનું આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બાંધકામ કયા તબક્કે છે?

----

**અબડાસા તાલુકામાં ચેરનું વાવેતર**

15/4/1536 *8 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના અબડાસા તાલુકામાં વનવિભાગ દ્વારા કેટલા હેક્ટરમાં ચેરનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦નું અમલીકરણ

15/4/1709 *9 **શ્રી અમીત શાહ (એલીસબ્રીજ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦માં જણાવેલ મુદ્દા પૈકી કેટલા મુદ્દાઓનું અમલીકરણ થયું છે,

(૨) બાકી રહેલ મુદ્દાઓના અમલીકરણ માટે રાજ્ય સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૩) ઉક્ત નીતિ અંતર્ગત વૈશ્વિક રેન્કીંગ સુધારવા માટે રાજ્ય સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવેલ છે?

----

## લાઠી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના

15/4/1708 *10 **શ્રી જનકભાઈ તળાવિયા (લાઠી):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ અમરેલી જિલ્લાના લાઠી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## વડોદરામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્મારક ખાતે પ્રવાસી સુવિધાઓ

15/4/1729 *11 **શ્રી ચૈતન્ય મકરંદભાઈ દેસાઈ (અકોટા):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્મારક ખાતે પ્રવાસીઓ માટે સુવિધાઓ વિકસાવવા માટે કોઈ કામગીરી કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેની વિગતો શું છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

----

## સાબરમતી નદીમાં ગંદુ પાણી છોડવા બાબત

15/4/2319 *12 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને આસપાસના વિસ્તારોમાંથી કેમિકલવાળું ગંદુ પાણી સાબરમતી નદીમાં છોડવાને કારણે સાબરમતી નદી પ્રદૂષિત થતી હોવાની ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો ગંદુ પાણી સાબરમતી નદીમાં છોડવા બાબત ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિભાગને મળેલ ફરીયાદો અન્વયે વન અને પર્યાવરણ વિભાગ કે તેના તાબા હેઠળની કચેરીઓ દ્વારા કોની સામે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## યુ.એન.મહેતા હાર્ટ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ અને કેન્સર હોસ્પિટલને મળેલ ગ્રાંટ

15/4/2302 *13 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૦૨૨ અને ૨૦૨૨-૨૦૨૩માં વર્ષવાર સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં આવેલ યુ.એન. મહેતા હાર્ટ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ અને કેન્સર હોસ્પિટલ માટે કુલ કેટલી ગ્રાંટ મંજૂર કરવામાં આવી,

(૨) મંજૂર કરવામાં આવેલ ગ્રાંટ પૈકી ઉક્ત વર્ષવાર, હોસ્પિટલવાર કેટલી ગ્રાંટ ફાળવવામાં આવી, અને

(૩) મંજૂર કરતાં ઓછી ગ્રાંટ ફાળવેલ હોય તો તેના કારણો શા છે?

----

## પી.ડી.યુ. કોલેજ, રાજકોટમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ

15/4/2293 *14 **શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૦૬-૦૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ

થયેલ * પ્રશ્ન ક્રમાંકઃ ૧૦૮૫ (અગ્રતા-૧૭)ના અનુસંધાને માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) પી.ડી.યુ. કોલેજ, રાજકોટમાં વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ની અનુક્રમે ૧૦૭, ૫૯ અને ૮૩ જગ્યાઓ ખાલી હતી તે યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવનાર હતી, તે પૈકી કેટલી જગ્યાઓ તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ સંવર્ગવાર ભરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

## ઉદ્યોગગૃહોને જંગલોની જમીન ફાળવવા બાબત

15/4/2304 *15 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સંશોધિત એલોકેશન ઓફ બિઝનેસ રૂલ્સ-૧૯૬૧ અંતર્ગત વન (સંરક્ષણ) અધિનિયમ-૧૯૮૦ હેઠળ વન વિભાગ દ્વારા કેટલી દરખાસ્તોમાં વન વિભાગ હસ્તકની જંગલની જમીનો ક્યા ઉદ્યોગગૃહોને ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર રાજ્ય સરકારને કેટલી આવક થઈ?

----

## બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં નવજાત બાળકોના મૃત્યુ

15/4/2298 *16 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા નવજાત બાળકોના મૃત્યુ નિપજ્યાં,

(૨) ઉક્ત બાળકોના મૃત્યુના મુખ્ય કારણો શાં છે, અને

(૩) નવજાત બાળકોના મૃત્યુ અટકાવવા સરકારે શાં પગલાં લીધાં?

----

## રાજ્યમાં સિંહ અને દિપડાના હુમલાથી માનવ મૃત્યુ અને ઈજા

15/4/2290 *17 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**વન અને પર્યાવરણ :-**
માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં સિંહ અને દિપડા દ્વારા કેટલા માનવ મૃત્યુના તથા માનવ ઈજાના બનાવો બન્યા, અને

(૨) ઉક્ત મૃત્યુ અને ઈજાના બનાવોમાં મૃતકના વારસદારો અને ઈજાગ્રસ્તોને કેટલા કિસ્સામાં વળતર ચૂકવવામાં આવ્યું અને કેટલા કિસ્સામાં વળતર ચૂકવવાનું બાકી છે?

----

## યુ.એન. મહેતા હાર્ટ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ અને કેન્સર હોસ્પિટલના સેન્ટરો

15/4/2295 *18 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં આવેલ યુ.એન.મહેતા હાર્ટ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ અને કેન્સર હોસ્પિટલ પૈકી કઈ હોસ્પિટલના રાજ્યમાં કયા-કયા સ્થળે સેન્ટર આવેલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તે પૈકી કઈ હોસ્પિટલ દ્વારા કયા સ્થળે સેન્ટર કાર્યરત કરાવવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સેન્ટરવાર કેટલા દર્દીઓએ સારવાર લીધી?

----

## અમદાવાદ શહેરમાં શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્ર

15/4/1561 *19 **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં કેટલા શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્ર કયા સ્થળોએ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા અને કેટલા કેન્દ્રો કાર્યરત કરવાના બાકી છે,

(૩) ઉક્ત કેન્દ્રો કાર્યરત કરવાના બાકી હોય તો તેના કારણો શા છે, અને

(૪) ઉક્ત કેન્દ્રો ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે?

----

## કાયદા વિભાગમાં નિવૃત્તિ બાદ કરાર આધારીત નિમણૂંક

15/4/2316 *20 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રમ્હા):**

**કાયદો :-**

માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગરમાં વય નિવૃત્તિ બાદ કરાર આધારીત નિમણૂંક આપેલ હોય તેવા સંવર્ગવાર કેટલા અધિકારીઓ / કર્મચારીઓ છે,

(૨) તે પૈકી કેટલા અધિકારીઓ /કર્મચારીઓ ૬૨ વર્ષ કે તેથી વધુ વયના છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ૬૨ વર્ષ કરતાં વધુ વયના અધિકારીઓ /કર્મચારીઓની ઉંમર કેટલી છે અને આવી નિમણૂંકો આપવાના કારણો શા છે?

----

## ધોળાવીરા હડપ્પન સ્થળ ખાતે પ્રવાસીઓને રહેવાની સગવડ

15/4/1726 *21 **શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી (ગાંધીધામ):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોળાવીરા હડપ્પન સ્થળની મુલાકાતે આવતા દેશ-વિદેશના પ્રવાસીઓ માટે રહેવાની સગવડ અર્થે કોઈ કામગીરી કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે?

----

## યુનિવર્સિટીના કુલપતિઓની લાયકાત સંદર્ભે ફરિયાદ

15/4/2310 *22 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારના અનુદાનથી ચાલતી કઈ યુનિવર્સિટીના કુલપતિઓની લાયકાત સંદર્ભે રાજ્ય સરકારને કેટલી ફરિયાદો મળી,

(૨) મળેલ ફરિયાદો અન્વયે કઈ યુનિવર્સિટીના કુલપતિ સામે શા પગલાં લીધાં, અને

(૩) ઉક્ત સ્થિતિએ કઈ યુનિવર્સિટીના કુલપતિ સામે કયા કારણોસર પગલાં લેવાના બાકી છે?

----

## રાજ્યમાં લીવર પ્રત્યારોપણ કરતી હોસ્પિટલો

15/4/1735 *23 **શ્રી અરવિંદ શાંતિલાલ રાણા (સુરત(પુર્વ)):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ લીવર પ્રત્યારોપણ કરતી હોસ્પિટલોની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કુલ કેટલા લીવર પ્રત્યારોપણ થયેલ છે, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર લાઈવ અને કેડેવર લીવર પ્રત્યારોપણની સંખ્યા કેટલી છે?

----

## સાસણ ખાતે આવતા પ્રવાસીઓની સંખ્યામાં વધારો

15/4/1731 *24 **શ્રી સંજય સુખાભાઈ કોરડીયા (જૂનાગઢ):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાસણ ખાતે આવતા પ્રવાસીઓ માટેની સુવિધાઓ વિકસાવવાથી પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે?

----

## જિલ્લા કક્ષાએ રેડીયોથેરાપીની સારવાર

15/4/2322 *25 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કેન્સરના દર્દીઓને રેડીયોથેરાપીની સારવાર સ્થાનિક જિલ્લા કક્ષાએ અથવા નજીકના જિલ્લામાં મળે તે માટે ૨-૩ જિલ્લા વચ્ચે એક જગ્યાએ આ સારવાર મળી રહે તે અંગેની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને ૨-૩ જિલ્લા વચ્ચે એક રેડિયોથેરાપી કેન્દ્ર કાર્યરત કરવામાં આવનાર છે?

----

## મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત સહાય

15/4/1707 *26 **ડૉ. દર્શીતા શાહ (રાજકોટ પશ્ચિમ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૩-૨૪માં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત રાજ્યના ટેકનિકલા શિક્ષણના કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવેલ છે, અને

(૨) તેમાં વિદ્યાર્થીઓને અને વિદ્યાર્થીનીઓને કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવે છે?

----

## રાજ્યના પ્રવાસન સ્થળોની સુરક્ષા માટે ચૂકવાયેલ રકમ

15/4/2313 *27 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં આવેલ પ્રવાસન વિભાગ હસ્તકના પ્રવાસન સ્થળોની સુરક્ષા માટે કઈ એજન્સીને ગાર્ડ પૂરા પાડવા માટે કોન્ટ્રાક્ટ/કામ કઈ પધ્ધતિથી ક્યારે આપવામાં આવેલ છે,

(૨) ગાર્ડ દિઠ કેટલી રકમ એજન્સીને ચૂકવવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ગાર્ડ પૂરા પાડવા પેટે કેટલી રકમ કઈ એજન્સીને ચૂકવવામાં આવી?

----

## છોટાઉદેપુર જિલ્લામાં જેતપુર પાવી ખાતે નવું સામૂહિક આરોગ્ય કેન્દ્ર

15/4/1952 *28 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના જેતપુર પાવી ખાતેના જર્જરીત સામૂહિક આરોગ્ય કેન્દ્રનું નવીનીકરણ કરવાની રજૂઆત ક્યારે મળી,

(૨) ઉક્ત નવીનીકરણને મંજૂરી મળેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો ઉક્ત નવીન સામૂહિક આરોગ્ય કેન્દ્ર કેટલા ખર્ચે અને ક્યાં સુધીમાં બનશે?

----

## વડનગર ખાતે આવતા પ્રવાસીઓની સુવિધા

15/4/1727 *29 **શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ (કે.કે.પટેલ) (ઉંઝા):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં આવેલ વડનગર ખાતે પ્રવાસીઓની સુવિધા માટે કોઈ કામગીરી હાથ ધરેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેની વિગતો શું છે, અને

(૩) આ કામગીરી પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે?

----

## ધરોઈ ડેમથી અંબાજી સુધીના વિસ્તારનો ઈકો ટુરીઝમ તરીકે વિકાસ

15/4/2307 *30 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**પ્રવાસન :-**

માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ધરોઈ ડેમથી અંબાજી સુધીના વિસ્તારને ઈકો ટુરીઝમ તરીકે વિકસાવવાની જાહેરાત ક્યારે કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી કેટલી રકમનો ખર્ચ કયા હેતુ માટે થયો?

----

## અમદાવાદ જિલ્લામાં નવા પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો

15/4/1551 *31 **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ (સાબરમતી):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા,
(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ઉક્ત કામ કયા તબક્કે છે, અને
(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

----

## છોટાઉદેપુર જિલ્લામાં વન તલાવડી અને ચેકડેમ

15/4/2045 *32 **શ્રી અભેસિંહ મોતીભાઈ તડવી (સંખેડા):**

**વન અને પર્યાવરણ :-**
માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં વન વિભાગ દ્વારા તાલુકાવાર કેટલા ચેકડેમ અને વન તલાવડી માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી,

(૨) ઉક્ત મંજૂર થયેલ ચેકડેમ અને વન તલાવડી પૈકી કેટલા કામો પૂર્ણ થયા, અને

(૩) બાકી કામો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

----

## ઝવેરચંદ મેઘાણી સર્કીટ વિકસાવવા બાબત

15/4/1733 *33 **શ્રી શામજીભાઈ ભીમજીભાઈ ચૌહાણ (ચોટીલા ):**

**પ્રવાસન :-**
માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સર્કીટ વિકસાવવા અંગે કોઈ કામગીરી હાથ ધરેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેની વિગતો શું છે, અને

(૩) આ કામગીરી પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે?

----

## વડોદરા એસ.એસ.જી. હોસ્પિટલ કેમ્પસમાં નવીન કાર્ડિયોલોજી ઈન્સ્ટીટ્યુટ અને મલ્ટી સ્પેશિયાલીસ્ટ યુનિટ

15/4/1737 *34 **શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા (સયાજીગંજ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વડોદરા એસ.એસ.જી. હોસ્પિટલ કેમ્પસમાં નવીન કાર્ડિયોલોજી ઈન્સ્ટીટ્યુટ અને મલ્ટી સ્પેશિયાલીસ્ટ યુનિટનું બાંધકામ મંજૂર થયેલ છે કે કેમ,

અને

(૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે?

----

## સરકારી ગ્રંથાલયોમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે વાંચન સુવિધા ઉપલબ્ધ કરાવવા બાબત

15/4/1723 *35 **શ્રીમતી સંગીતાબેન પાટીલ (લીંબાયત):**

**સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ :-**

માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યના સરકારી ગ્રંથાલયોમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે વાંચન સુવિધા ઉપલબ્ધ છે કે કેમ,

(૨) જો હા તો, તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આના માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે, અને

(૩) આ યોજના કેટલી સંસ્થાને લાભ આપવામાં આવ્યા છે?

----

## નવસારી અને સુરત જિલ્લામાં એન્વાયરમેન્ટ ક્લીયરન્સ સર્ટીફીકેટ વગર કાર્યરત એકમો સામે પગલાં

15/4/2325 *36 **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી અને સુરત જિલ્લામાં જિલ્લાવાર તપાસમાં કઈ કંપનીઓ કે એકમો એન્વાયરમેન્ટ ક્લીયરન્સ સર્ટીફીકેટ વગર કાર્યરત હોવાનું માલુમ પડ્યું, અને

(૨) તે અન્વયે ઉક્ત કઈ કંપની કે એકમો સામે શા પગલાં લીધાં?

----

## નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓમાં પેટા આરોગ્ય કેન્દ્રો બનાવવાની દરખાસ્તો

15/4/1657 *37 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓમાં પેટા આરોગ્ય કેન્દ્રો બનાવવા માટે કેટલી દરખાસ્તો મળેલ

છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા પેટા આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા?

----

## અમદાવાદ કિડની હોસ્પિટલમાં સીટી સ્કેન અને એમ.આર.આઈ. મશીન

15/4/2321 *38 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં આવેલ જુની કિડની હોસ્પિટલ બિલ્ડીંગ અને નવી કિડની હોસ્પિટલ બિલ્ડીંગમાં કેટલા સીટી સ્કેન અને એમ.આર.આઈ. મશીન છે,

(૨) ઉક્ત બિલ્ડીંગવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સીટી સ્કેન મશીન અને એમ.આર.આઈ. મશીનમાં કેટલા દર્દીઓને તપાસવામાં આવ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા સીટી સ્કેન મશીન અને એમ.આર.આઈ. મશીન કાર્યરત છે અને કેટલા બંધ હાલતમાં છે, અને

(૪) દર્દીઓને હાલાકી ન પડે તે માટે બંધ સીટી સ્કેન અને એમ.આર.આઈ. મશીન ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે?

----

## સરકારી જનરલ હોસ્પિટલોમાં બાળરોગ નિષ્ણાંત ડોક્ટરોની જગ્યાઓ

15/4/2305 *39 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યની સરકારી જનરલ હોસ્પિટલોમાં બાળરોગ નિષ્ણાંત ડોક્ટરોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે?

----

## રાજ્યમાં સરકારી અને સ્વનિર્ભર મેડિકલ કોલેજો

15/4/2299 *40 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી અને સ્વનિર્ભર મેડિકલ કોલેજો કાર્યરત છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી નવી સ્વનિર્ભર મેડિકલ કોલેજની મંજૂરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ સરકરી અને સ્વનિર્ભર મેડિકલ કોલેજોમાં ફીનું ધોરણ કેટલું મંજૂર કરવામાંં આવેલ છે?

----

## કર્મચારીઓને ચૂકવાયેલ સર્વેલન્સ ભથ્થું પરત વસૂલવા બાબત

15/4/2029 *41 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ સુપરવાઈઝર અને મલ્ટી પર્પઝ હેલ્થ સુપરવાઈઝર વર્ગ-૩ને નવેમ્બર-૨૦૨૨ના ઠરાવ/નિર્ણયથી માસિક રૂપિયા ચાર હજાર લેખે સર્વેલન્સ ભથ્થુ ચૂકવવાનો નિર્ણય કરવામાં આવેલ તે હકીકત સાચી છે, કે કેમ,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત નિર્ણય બાદ ચૂકવવામાં આવેલ રકમ પરત વસૂલવાના કોઈ આદેશ થયેલ છે કે કેમ,

(૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ માસવાર કેટલી રકમ કેટલા કર્મચારીઓ પાસેથી પરત વસૂલવાની થાય છે, અને

(૪) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા કર્મચારીઓ પાસેથી કેટલી રકમ પરત વસૂલવામાં આવી અને કેટલા કર્મચારીઓ પાસેથી કેટલી રકમ પરત વસૂલવાની બાકી છે?

----

## અમદાવાદમાં યુનિવર્સિટી દ્વારા ડિગ્રી આપવામાં થયેલ ગેરરીતિ

15/4/1564 *42 **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદમાં કોઈ યુનિવર્સિટી દ્વારા એમ.ફીલ./ પી.એચ.ડી.ની ડીગ્રી આપવામાં થયેલી ગેરરીતિઓની તપાસ માટે કોઈ તપાસ સમિતિ નિમવામાં આવી છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત તપાસ સમિતિનો અહેવાલ સરકારને ક્યારે મળ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ ગેરરીતિઓ બદલ સરકારે શી કાર્યવાહી કરી છે?

----

## સાબરકાંઠા અને અમદાવાદ જિલ્લામાં એન્વાયરમેન્ટ ક્લીયરન્સ સર્ટીફીકેટ વગર કાર્યરત એકમો સામે પગલાં

15/4/2318 *43 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રમ્હા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને અમદાવાદ જિલ્લામાં જિલ્લાવાર તપાસમાં કઈ કંપનીઓ કે એકમો એન્વાયરમેન્ટ ક્લીયરન્સ સર્ટીફીકેટ વગર કાર્યરત હોવાનું માલુમ પડ્યું, અને

(૨) તે અન્વયે ઉક્ત કઈ કંપની કે એકમો સામે શા પગલાં લીધાં?

----

## ગુજરાત સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સિલની બેઠકો

15/4/2311 *44 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ગુજરાત સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સિલ એક્ટ-૨૦૧૬ ક્યારથી અમલમાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કાઉન્સિલના સભ્યો કોણ છે,

(૩) ઉક્ત કાઉન્સિલની બેઠકો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે મળેલ છે,

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત કાઉન્સિલની બેઠક નિયમિત ન મળતી હોય તો તેના કારણો શા છે?

----

## યુ.એન.મહેતા હાર્ટ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ અને કેન્સર હોસ્પિટલના સેન્ટરોને ગ્રાંટ

15/4/2323 *45 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં આવેલ

યુ.એન.મહેતા હાર્ટ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ અને કેન્સર હોસ્પિટલ પૈકી કઈ હોસ્પિટલના સેન્ટરો રાજ્યમાં ક્યા-ક્યા સ્થળે આવેલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત સેન્ટર દીઠ કેટલી ગ્રાંટ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવવામાં આવેલ રકમ પૈકી ક્યા કારણોસર કેટલી રકમ વણવપરાયેલી રહી?

----

## રાજ્યમાં સિંહ અને દિપડાના હુમલાથી માનવ મૃત્યુ અને ઈજા

15/4/1719 *46 **ડૉ. દર્શીતા શાહ (રાજકોટ પશ્ચિમ):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્યમાં સિંહ અને દિપડાના હુમલાથી કેટલા માનવ મૃત્યુના તથા ઈજાના બનાવો બન્યા, અને

(૨) આ અંગે ઉક્ત સ્થિતિએ કુલ કેટલું વળતર ચૂકવવામાં આવ્યું?

----

## ગુજરાત સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સીલની બેઠકો

15/4/2314 *47 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ગુજરાત સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સીલના સભ્યો કોણ છે,

(૨) ઉક્ત કાઉન્સીલની બેઠકો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે મળેલ છે, અને

(૩) ઉક્ત બેઠકોમાં મુખ્ય ક્યા નિર્ણયો લેવામાં આવ્યા અને તેના અમલની જવાબદારી કોને સોંપવામાં આવી?

----

## છોટાઉદેપુર જિલ્લામાં વન વિભાગ દ્વારા રસ્તાઓની મંજૂરી આપવા બાબત

15/4/1951 *48 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા વન વિભાગ હસ્તકની જમીનમાંથી કયા કયા રસ્તાઓ માટે ગામ દીઠ કેટલી જમીન મેળવવા માટે માંગણીઓ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત માંગણીઓ પૈકી કઈ માંગણીઓ કયા કારણોસર નામંજૂર કરેલ છે, અને

(૩) ઉક્ત માંગણીઓને મંજૂરી આપવાના ધોરણો શાં છે ?

----

## ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદની બિલ્ડીંગ ભાડે આપવા બાબત

15/4/2308 *49 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ ખાતે આવેલ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં આવેલ અટલ કલામ ઈનોવેશન સેન્ટરના બિલ્ડીંગના અમુક માળ ક્યારે કઈ ખાનગી કંપનીને શા દરથી ભાડે આપવામાં આવેલ છે, અને

(૨) તે અંગે રાજ્ય સરકાર દ્વારા ક્યારે મંજૂરી આપવામાં આવી?

----

## છોટાઉદેપુર જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ દાવાઓ

15/4/2044 *50 **શ્રી અભેસિંહ મોતીભાઈ તડવી (સંખેડા):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ કેટલા અરજદારોના દાવાઓ આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા દાવાઓ મંજૂર કરવામાં આવ્યા, અને

(૩) કેટલા દાવાઓ નામંજૂર કરવામાં આવ્યા અને તેના કારણો શા છે ?

----

## કચ્છ જિલ્લામાં વળતર વનીકરણ હેઠળ જમીન

15/4/1531 *51 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓમાં ક્યા ક્યા સ્થળે વનવિભાગ દ્વારા વળતર વનીકરણ હેઠળ જમીન ફાળવવામાં આવેલ છે,અને

(૨) ઉક્ત જમીન ક્યા પ્રોજેક્ટના વળતરમાં ફાળવેલ છે?

----

## મદદનીશ સરકારી વકીલના ભરતી નિયમો

15/4/2306 *52 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**કાયદો :-**

માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ મદદનીશ સરકારી વકીલના ભરતી નિયમો અને ભરતી પ્રક્રિયા સંદર્ભેની કાર્યવાહીના નિયમો ક્યારથી અસ્તિત્વમાં છે,

(૨) ઉક્ત સંવર્ગની ભરતી પ્રક્રિયામાં અનામતના ધોરણો લાગુ પડે છે કે કેમ,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત સંવર્ગનું પગાર ધોરણ શું ં છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત સંવર્ગનું કુલ સંખ્યાબળ શું છે?

----

## યુનિવર્સિટીના અધ્યાપકો દ્વારા પેટન્ટ રજિસ્ટર કરવા બાબત

15/4/2296 *53 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ :-**

માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારના અનુદાનથી ચાલતી કઈ યુનિવર્સિટીના કેટલા અધ્યાપકો દ્વારા પેટન્ટ રજિસ્ટર કરવામાં આવી,

(૨) આવા અધ્યાપકોને સરકાર દ્વારા કોઈ પ્રોત્સાહક રકમ આપવામાં આવે છે કે કેમ, અને

(૩) જો હા, તો તેની વિગત શી છે?

----

## યુ.એન. મહેતા હાર્ટ હોસ્પિટલ, કિડની અને કેન્સર હોસ્પિટલમાં મંજૂર મહેકમ

15/4/2312 *54 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ, સિવિલ હોસ્પિટલમાં આવેલ યુ.એન.મહેતા હાર્ટ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ અને કેન્સર હોસ્પિટલમાં વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ની સંવર્ગવાર કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ, ઉક્ત હોસ્પિટલવાર ઉક્ત સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ, આઉટસોર્સીંગ, કોન્ટ્રાક્ટ અને ફીક્સ પગારથી ભરાયેલ છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

## વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગમાં વય નિવૃત્તિ બાદ કરાર આધારીત નિમણૂંક

15/4/2315 *55 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**વૈધાનિક અને સંસદીય બાબતો :-**

માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ, સચિવાલય, ગાંધીનગરમાં વય નિવૃત્તિ બાદ કરાર આધારીત નિમણૂંક આપેલ હોય તેવા સંવર્ગવાર કેટલા અધિકારીઓ/કર્મચારીઓ છે,

(૨) તે પૈકી કેટલા અધિકારીઓ/કર્મચારીઓ ૬૨ વર્ષ કે તેથી વધુ વયના છે, અને

(૩) ૬૨ વર્ષ કરતા વધુ વયના અધિકારીઓ/કર્મચારીઓની ઉંમર ઉક્ત સ્થિતિએ કેટલી છે અને આવી નિમણૂંકો આપવાના કારણો શા છે?

----

## છોટાઉદેપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ

15/4/1710 *56 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લાના છોટાઉદેપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ માટે બજેટમાં જોગવાઈ

15/4/2309 *57 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**વૈધાનિક અને સંસદીય બાબતો :-**

માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) વૌધાનિક અને સંસદીય બાબતોના વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

----

## છોટાઉદેપુર જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના

15/4/2046 *58 **શ્રી અભેસિંહ મોતીભાઈ તડવી (સંખેડા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ વર્ષવાર કરવામાં આવ્યો ?

----